# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-01-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BETI BACHAO BETI PADHAO ABHIYAN

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા રાજ્ય સહિત દેશભરમાં 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજનાની 10મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત રાજ્ય અને જિલ્લા સ્તરે આજથી 8 માર્ચ સુધી વિશેષ કાર્યક્રમો યોજાવાનો આરંભ થયો છે.. આ પ્રવૃત્તિઓમાં રેલીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સન્માન સમારંભો અને સંકલ્પ, મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર, શાળાની વિદ્યાર્થિનીઓ, સફળ મહિલાઓ અને સામુદાયિક જૂથો સહિત વિવિધ હિતધારકોને જોડવામાં આવી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, દીકરીઓના રક્ષણ, શિક્ષણ અને સશક્તિકરણ માટે એક દાયકાનાં સતત પ્રયાસોની સફળતા પ્રસંગે આજે નવી દિલ્હીમાં આયોજિત કાર્યક્રમમાં સશસ્ત્ર દળો, અર્ધ-લશ્કરી દળો, દિલ્હી પોલીસ, વિદ્યાર્થિનીઓ અને આંગણવાડી કાર્યકરો ભાગ લઇ રહી છે.

. . . . . . . . . . . . .

# MEHSANA - MANAPA BY ELECTION

રાજ્યભરમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહેસાણા જિલ્લાના વડનગર અને ખેરાલુ નગરપાલિકાની સામાન્ય અને મહેસાણા જિલ્લા પંચાયતની મલેકપુર બેઠક પર પેટાચૂંટણી યોજાશે. આ ઉપરાંત તાલુકા પંચાયતમાં ખેરાલુ તાલુકાની ૩, વડનગર અને વિજાપુરની એક-એક, જોટાણા અને કડીની બે-બે

બેઠકોની ચૂંટણી યોજાશે. 27 જાન્યુઆરીથી ઉમેદવારી પત્રો ભરવાનું શરૂ થશે. 4 ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે.

. . . . . . . . . . . . . .

## DWARKA OIL PROCESSING UNIT

દેવભૂમિ દ્વારકાના ખંભાળીયામાં માર્કેટ યાર્ડ ખાતે રૂપિયા દોઢ કરોડના ખર્ચે ઓઇલ પ્રોસેસિંગ યુનિટ શરૂ કરાયું છે.

નાગરિકોને શુધ્ધ તેલ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખંભાળિયા માર્કેટિંગ યાર્ડ ખાતે ઓઇલ પ્રોસેસિંગ યુનિટ મંજુર કરાયું હતું જેના ભાગ રૂપે આ યુનિટ નો આજરોજ આરંભ કરાયો હતો. આ યુનિટ માં માર્કેટિંગ યાર્ડ દ્વારા જ ખરીદ કરાયેલ જી-20 મગફળીનું પીલાણ કરાશે. નિર્મલ બ્રાન્ડ નામથી દરરોજના 450, જેટલા ડબલ ફિલ્ટર શુદ્ધ સીંગતેલ ટીનનું ઉત્પાદન કરાશે, નિર્મલ બ્રાન્ડ નામના સીંગતેલની ખરીદી કરતા લોકોને બે વર્ષ સુધીની સરકારી લેખીત ગેરંટી સાથે શુદ્ધ તેલ અપાશે..

. . . . . . . . . . . . . .

## GNR DILIP SANGHANI

ઇફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ મગફળી ખરીદી માં ગેરરીતિ ના આક્ષેપને ફગાવ્યાં છે.. તેમણે કહ્યું હતું કે  ગુજકોમાસોલને મગફળીની ખરીદી ની જવાબદારી આપી છે..તેમણે કહ્યું હતું કે રાજ્યના કોઇપણ સેન્ટર માં કોઈપણ અ વ્યવહાર સામે કડક પગલા ભરવામાં આવશે... તેમણે કહ્યું હતું કે જે ધારાસભ્ય દ્વારા ખરીદી અંગે આક્ષેપ કરવામાં આવ્યો છે તેમને આ આરોપો સાબિત કરવા પડશે.. દિલીપ સંઘાણીએ કહ્યું હતું કે આરોપ લગાવનારા સામે એક કરોડનો દાવો કરવામાં આવશે..

(બાઇટ- દિલીપ સંઘાણી)

. . . . . . . . . . . . .

# NATIONAL AWARDS - MAHESANA

અખિલ ભારતીય નાટ્ય સમારોહ 2025ની સ્પર્ધામાં મહેસાણાના બે કલાકાર સાક્ષી રામીને શ્રેષ્ઠ અભિનેત્રી અને વૃતિક પટેલને શ્રેષ્ઠ ચરિત્ર અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો છે. મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે, ઉત્તરપ્રદેશના બરેલીમાં યોજાયેલી આ સ્પર્ધામાં ગુજરાતના ક્રિએટીકા થિયેટર હબના સીમાંતે નાટકની પ્રસ્તુતિ માટે પસંદગી કરાઇ હતી. જેમાં મહેસાણાના  બંને કલાકારોને રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR SHAHEED DIN

૩૦મી જાન્યુઆરીએ "શહીદ દિન" નિમિત્તે અમદાવાદ, ગાંધીનગર સહિત રાજ્યભરમાં શહીદોની યાદમાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટનું મૌન પળાશે. દરમિયાન સાયરનની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી માટે મૌન પાળવામાં આવશે. સમગ્ર રાજ્યમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને બે મિનિટ સુધી બંધ રાખવા રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

. . . . . . . . . . . .

# KUTCH PANCHAYAT PARISHAD

કચ્છના  ધોરડો ખાતે રાજ્યની તમામ જિલ્લા પંચાયતના પ્રમુખની પરિષદ યોજાઇ હતી. જેમાં 5 જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વિવિધ ઠરાવોને મંજૂરી અપાઈ હતી, આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પણ એક કરોડ રૂપિયાના વિકાસકામો સૂચવી શકશે, તેવી મુખ્યમંત્રી દ્વારા અપાયેલી ખાતરી બદલ આભાર પ્રસ્તાવને પણ સર્વાનુમતે બહાલી અપાઈ હતી. આ ઉપરાંત પંચાયત પરિષદની આ બેઠકમાં રશિયાની સેન્ટર ઓફ સોશિયલ કન્ઝર્વેટિવ પોલિસી સંસ્થાના ગુજરાતના વડા એલેકઝાન્ડર ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# PRAKRUTIK KHETI BETHAK

કચ્છમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે હેતુથી જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને માસિક સમીક્ષા બેઠક યોજાઈ, જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના લાભ સમજાવીને પ્રાકૃતિક વસ્તુઓના વાવેતર સાથે જ તેના વેચાણ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવા અંગે સૂચન કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, કચ્છમાં હાલ 46 હજારથી વધુ ખેડૂત પ્રાકૃતિક ખેતી કરી રહ્યાં છે.

. . . . . . . . . . . . . .